સૌરાષ્ટ્રની રફતાર

મંગળવાર, તા. ૧૦-૪-૨૦૧૨

# રાજસ્થાની સેવા સંઘની સુવર્ણ જયંતી ઉજવાઇ

મુંબઇ.તા. ૯: શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે સક્રિય રાજસ્થાની સેવા સંઘે ગત શુક્રવારના રોજ વિલેપાર્લે ખાતે આવેલા ભાઇદાસ હોલમાં સુવર્ણ જયંતીની દબદબાભેર ઉજવણી કરી હતી. રાજસ્થાનમાં આ ટ્રસ્ટ દ્વારા ઝુનઝુનુ જેજેટી યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. મહોત્સવ દરમિયાન યુનિવર્સિટી દ્વારા સન્યાસ આશ્રમ વિશ્વેશ્વરનંદજી ગિરીના એમ.એચ. મહામંડલેશ્વરને રાજસ્થાન સેવા સંઘના ટ્રસ્ટી તથા પ્રમુખ વિનોદ ટીબ્રેવાલા તથા જાણીતા લેખક સનવરમલ સંગનેરિયાને ડિલીટની પદવી અપાઇ હતી.